ધો -૧૨માં ગાંધીનગર કેન્દ્રનુ ૬૯.૧૭ ટકા પરિણામ

જિલ્લામાંથી માત્ર ૫ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ : સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલની એક વિદ્યાર્થીની તેમજ સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના બે વિદ્યાર્થીઓ અને ઇન્ફોસીટી સાયન્સ કોલેજ ઘ-૦ યુનિટની એક વિદ્યાર્થીની ઉપરાંત ગુરુકુલના એક વિદ્યાર્થીનો સમાવેશ : જિલ્લામાં પાંચેય વિદ્યાર્થીઓ શહેરની શાળાના : નગર માટે ગૌરવની વાત

ગાંધીનગર તા ૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૨ માં લેવાયેલી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની આતુરતાનો અંત આવી ગયો હતો. જિલ્લામાંથી ૪૨૯૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ૧૩૨૨ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી ન હતી. ગાંધીનગર કેન્દ્ર પરથી પણ ૩૧૭૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કેન્દ્રનુ પરિણામ ૬૯.૧૭ ટકા રહ્યુ હતુ. ગાંધીનગરના કેન્દ્રોમાં પણ સૌથી વધુ પરિણામ માણસા કેન્દ્રનુ ૭૪.૦૨ ટકા રહ્યુ હતુ. ગાંધીનગર જિલ્લાનુ ૬૯.૩૯ ટકા પરિણામ આવ્યુ હતુ જયારે ગાંધીનગર કેન્દ્રનુ ૬૯.૧૭ ટકા પરિણામ આવ્યુ હતુ જિલ્લામાંથી માત્ર ૫ જ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ હતુ જયારે એ વન ગ્રેડમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી તમામ નગરની વિવિધ શાળાના છે.

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાયુ હતુ. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી કુલ નોંધાયેલા ૪૨૯૯ વિદ્યાર્થીઓ પૈકી ૪૨૯૦ એ પરીક્ષા આપી હતી. જયારે આ પરીક્ષાર્થીઓ પૈકી જિલ્લામાંથી માત્ર ૫ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જિલ્લામાં એ વન ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ પૈકી તમામ નગરની વિવિધ શાળાના છે. એ વન ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીમાં પ્રથમ ક્રમે સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઇસ્કુલની વિદ્યાર્થીની ખુશી કનૈયાલાલ પટેલે ૬૫૦ માંથી ૬૦૦ ગુણ પ્રાપ્ત કર્યા હતા આ ઉપરાંત સહજાનંદ સ્કુલ

● અનુસંધાન પાન-૭ પર

શહેરની શાળાના કોણ-કોણ ઝળક્યા

શાળાનુ નામ	વિદ્યાર્થીનુ નામ	ગુણ
શેઠ સી એમ વિદ્યાલય સે-૨૩	ખુશી કનૈયાલાલ પટેલ	૬૦૦
સહજાનંદ સ્કુલ ઓફ એચિવર સરગાસણ	સ્મિત જીવરાજભાઇ ફેફર	૬૦૦
સહજાનંદ સ્કુલ ઓફ એચિવર સરગાસણ	મીહીર સુરેશભાઇ પટેલ	૫૯૮
ઇન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ અંગ્રેજી માધ્યમ	ધાર્મી મહેશભાઇ પટેલ	૫૯૬
સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ	હેત ગોરધનભાઇ પટેલ	૫૯૫

પ્રથમ ક્રમે આવનાર શેઠ સી એમ હાઇસ્કુલની ખુશીને ડોકટર બનવુ છે

સારા પરિણામ માટે શાળા શિક્ષકોની પધ્ધતિસરનુ માર્ગદર્શન જવાબદાર

ગાંધીનગર તા ૧૨

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઇસ્કુલની વિદ્યાર્થીની ખુશી પટેલે ૬૫૦ માંથી ૬૦૦ ગુણ મેળવીને તેજસ્વીઓની યાદીમાં મોખરાનુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. શહેરની આ ગ્રાન્ટેડ સ્કુલમાં કન્યા કેળવણી તદન મફતમાં આપવામાં આવે છે. જયારે કડી સર્વ વિદ્યાલય મંડળ સંચાલિત શેઠ સી એમ હાઇસ્કુલ મફત શિક્ષણ આપવાની સાથે ગુણવત્તાના મામલે પણ અગ્રેસર છે. સંસ્થાની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી ખુશી મુળ પાટણની રહેવાસી છે. તેણીના પિતા કનૈયાલાલ સમીમાં પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. જયારે માતા વૈશાલીબેન પણ શિક્ષિકા છે. ખુશીએ જણાંવ્યુ હતુ કે પરિણામથી તે ખુબ જ ખુશ છે હોસ્ટેલમાં રહીને પણ તેણી દરરોજ આઠ થી દસ કલાકનુ વાંચન કરતી હતી. તેના જણાંવ્યા મુજબ સારુ પરિણામ મેળવવા માટે મોટા ટયુશન કલાસમાં જવાની જરૂર નથી. પરંતુ શાળાના આચાર્ય અને શિક્ષકોની મદદ અને માર્ગદર્શનથી પધ્ધતિસરનુ માર્ગદર્શન મેળવો તો ચોક્કસ ઉત્તમ પરિણામ પ્રાપ્ત થાય છે. શેઠ સી એમ હાઇસ્કુલની વિદ્યાર્થીની ખુશીએ વધુમાં જણાંવ્યુ હતુ કે માતા પિતાનો આભાર વ્યકત કર્યો હતો. બાયોલોજીના વી એમ પટેલ તેમજ એસ પી પટેલ જયારે આચાર્ય ડો ચેતના બુચે પણ ખુબ જ માર્ગદર્શન આપીને પ્રોત્સાહીત કર્યા હતા. વિદ્યાર્થીઓ મહેનત કરે તો ચોક્કસ સારુ પરિણામ મળી શકે હવે આગળ નીટની પરીક્ષા આપીને આગળ મેડિકલમાં પ્રવેશ મેળવીને અભ્યાસ કરવો છે. ખુશીને ડોકટર બનીને ગરીબ દર્દીઓની સેવા કરવી છે. ખુશીએ અંગ્રેજી વિષયમાં ૮૫, કેમેસ્ટ્રીમાં ૯૨, ભૌતિક વિજ્ઞાનમાં ૯૨, બાયોલોજીમાં ૯૨ ગુણ પ્રાપ્ત કર્યા છે.

ઇન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજની વિદ્યાર્થીની ધાર્મી માટે શાળાની વિકલી ટેસ્ટ અને પ્લાનર મહત્વના

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરની ઘ-૦ યુનિટની ઇન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થીની ધાર્મી મહેશભાઇ પટેલે ૬૫૦ માં થી ૫૯૬ ગુણ મેળવીને તેજસ્વી વિદ્યાર્થીઓની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે જયારે અંગ્રેજી માધ્યમની આ એકમાત્ર વિદ્યાર્થીની જિલ્લામાં પ્રથમ ક્રમે છે. ધાર્મીના પિતા મહેશભાઇ જી ઇ બી માં મિકેનિકલ એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે. જયારે માતા લીનાબેન હાઉસવાઇફ છે. ધાર્મીએ અંગ્રેજી વિષયમાં ૮૩, ગણિતમાં ૯૫ અને ભૌતિક વિજ્ઞાનમાં ૯૨, કેમેસ્ટ્રીમાં ૯૬, કોમ્પ્યુટરમાં ૮૭ ગુણ પ્રાપ્ત કર્યા છે. જો કે ભૌતિક વિજ્ઞાન વિષયમાં ધાર્યા કરતા ઓછા ગુણ આવ્યા તેનો અફસોસ છે. જયારે ધાર્મી તેના સારા પરિણામનો યશ તેના પિતાને આપે છે. આ ઉપરાંત શાળ કક્ષાએથી લેવાતી વિકલી ટેસ્ટ , પ્લાનર અને રીવિઝનના લીધે સારા ગુણ મેળવી શકાયા હોવાનો એકરાર પણ કરે છે. વિદ્યાર્થીઓને મેસેજ આપતા તેણીએ જણાંવ્યુ હતુ કે આજનુ કામ આજે જ કરી લેવુ જોઇએ જેથી અભ્યાસમાં સરળતા રહે .શાળાના આચાર્ય જયોતિબેન તેમજ ટસ્ટ્રી ડો પ્રદિપ ગગલાણીનુ પણ સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન મળતુ રહ્યુ છે. જે આગળ અભ્યાસમાં પણ કામ લાગશે. ધાર્મીને આગળ કોમ્પ્યુટર એન્જિયરીંગમાં અભ્યાસ કરવો છે. તેજસ્વી ધાર્મીને મુવી જોવાનો શોખ છે.

શિક્ષણની સાથે સંસ્કાર અને પારિવારિક માહોલ આપતી શિક્ષણ સંસ્થાઓ જીવંત રાખવી અનિવાર્ય : ડો પ્રદિપ ગગલાણી

ગાંધીનગર જિલ્લામાં અંગ્રેજી માધ્યમમાં એ વન ગ્રેડ મેળવનાર આ એકમાત્ર વિદ્યાર્થીના પરિણામ પ્રત્યે સંતોષની લાગણી વ્યકત કરતા શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડો પ્રદિપ ગગલાણીએ જણાંવ્યુ હતુ કે હાલ સ્પર્ધાત્મક બનતા શિક્ષણનુ વ્યાપારીકરણ થઇ રહ્યુ છે. મોટી કંપનીઓ શિક્ષણ ક્ષેત્રે આવી ગઇ છે. જયારે ડમી સ્કુલો અસ્તિત્વમાં આવતા શાળાઓને તાળા મારવાની નોબત આવી ગઇ છે. વિદ્યાર્થીઓ પણ જોયા જાણ્યા વિના પ્રવેશ લઇ લે છે. જેના લીધે સાચી શિક્ષણ સંસ્થાઓએ સફર કરવાનો વારો આવે છે. જયારે હાઇફાઇ અને કોર્મશિલય બનતા શિક્ષણના ટ્રેન્ડમાં હાલ નગરની જુની અને જાણીતી શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને તેજસ્વી પરિણામ મેળવે છે એટલુ જ નહી પરંતુ વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓનો શાળા સાથે પારિવારિક નાતો પણ પરિણામ સાથે વિદ્યાર્થીઓમાં શિસ્ત અને સંસ્કારનુ જતન કરવામાં નોંધપાત્ર યોગદાન આપે છે તે વાતની ખુશી છે.

પરીક્ષામાં કાંઇ ચુકી જવાથી જિન્દગી હારી જવાતી નથી : શિક્ષણમંત્રી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૨ માં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ. શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીએ પરિણામ જાહેર કરતા જણાંવ્યુ હતુ કે ગત વર્ષે માસ પ્રમોશન આપવામાં આવ્યુ હતુ જયારે આ વર્ષે બોર્ડનુ પરિણામ ૭૨.૦૪ ટકા રહ્યુ છે. જેમાં સૌથી ઓછુ દાહોદ જિલ્લાનુ પરિણામ છે. રાજયમાં ૧૯૬ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે જે વિદ્યાર્થીઓનુ પરિણામ નબળુ આવ્યુ હોય તેમણે નિરાશામાં ગરકાવ થવાની જરૂર નથી. પરીક્ષામાં નાનુ મોટુ ચુકી જવાથી જિન્દગી હારી જવાતી નથી. પરીક્ષામાં સારુ પરિણામ ન મેળવનાર વિદ્યાર્થીઓએ પણ આગળ જતા સફળતા સર કરી હોવાના પણ દાખલા છે. તેમણે પરિણામ જાહેર કરતા તમામ બોર્ડના પરીક્ષાર્થીઓને ભાવિ શૈક્ષણિક કારર્કિદી માટે શુભેચ્છા પણ પાઠવી હતી જયારે વિદ્યાર્થીઓને નાસીપાસ ન થવા પણ જણાંવ્યુ હતુ.

સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના મીહીરને કોમ્પ્યુટર એન્જિનિયરીંગ ક્ષેત્રે કારર્કીદી બનાવી છે

ગાંધીનગર તા ૧૨

સહજાનંદ સ્કુલ ઓફ અચિવરમાં અભ્યાસ કરતા મીહીર પટેલે ૬૦૦ માં થી ૫૯૮ ગુણ મેળવ્યા છે. જયારે તેણે ગણિત વિષયમાં ૧૦૦ માં થી ૧૦૦ ગુણ પણ પ્રાપ્ત કર્યા છે. પરિણામ અંગે વાત કરતા મીહીરે જણાંવ્યુ હતુ કે તેને અભ્યાસની સાથે વાંચન પ્રવૃતિમાં વિશેષ રસ છે. મીહીરના પિતા સુરેશભાઇ પૌલેયાની જ્ઞાનયજ્ઞ સ્કુલમાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. જયારે માતા પીનાબહેન ગૃહીણી છે. દહેગામથી શાળા સુધી લાંબા અંતરનુ અપડાઉન કરવા છતા દરરોજની સાત થી આઠ કલાકની મહેનત તેમજ શાળાના શિક્ષકોનુ સતત માર્ગદર્શનના લીધે તેને સફળતા મળી હોવાનુ જણાવે છે. મીહીરને આગળ આઇ આઇ ટી માં જઇને કોમ્પ્યુટર એન્જિનિયરીંગ ક્ષેત્રે કારર્કીદી બનાવી છે.

ગાંધીનગર મનપા ઈલેવન સામે રાજકોટ મનપાનો વાંધો

મેયર કપ ટુર્નામેન્ટનો બહિષ્કાર કરવાનો મનપાનો નિર્ણય : ફિક્સ પગાર અને કાયમી કર્મચારીને લઈ વિવાદ ઉભો કરાયો

ગાંધીનગર, તા. ૧૨

સુરત ખાતે યોજાયેલ મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટનો ગાંધીનગર મહાનગરપાલિકાએ બોયકોટ કરવાનો નિર્ણય કર્યો છે. આજે બપોરે કમિશનર ઈલેવન ગાંધીનગર અને રાજકોટ કમિશનર ઈલેવન વચ્ચે મેચનું આયોજન કરાયુ હતુ.

મેચના આરંભ પૂર્વે જ રાજકોટ દ્વારા ગાંધીનગર કમિશનર ઈલેવનને ડિસ્કવોલીફાય કરવાની માંગ કરી હતી. તેમણે આ માટે કારણમાં જણાવ્યુ હતુ કે ફિક્સ પગારના કર્મચારીઓએ મનપાના કર્મચારી ગણી શકાય નહિ. આ માત્ર મનપાના કર્મચારીઓ માટેની સ્પર્ધા છે.

આ અંગે વિવાદ લાંબો ચાલ્યો હતો. જો કે આખરી નિર્ણય આવે તે પહેલાં જ ગાંધીનગર મનપાની બન્ને ટીમોએ ટુર્નામેન્ટનો જ બહિષ્કાર કરવાનો નિર્ણય લઈ લીધો છે અને ગાંધીનગર પરત આવવાની તૈયારીમાં વ્યસ્ત થઈ ગયા છે.

કાયમી કર્મચારી અને ફિક્સ પગારના કર્મચારીનો વિવાદ ટુર્નામેન્ટમાં આવતાં હવે આગામી દિવસોમાં નવા વિવાદો ઉભા થશે તેવી વાતો પણ પાટનગરમાં વહેતી થઈ છે.

ગુજરાત સરકારે જ ફિક્સ પગારની નીતિ તૈયાર કરી છે અને દરેક જગ્યાએ તે અમલી છે. કર્મચારીઓની ભરતી થતી નથી ત્યારે આવો વિવાદ છેડી કર્મચારીઓમાં ભાગલા પાડવાની રાજનીતિને લઈ કર્મચારીઆલમમાં પણ ચર્ચાઓ શરૂ થઈ છે. આવા ભાગલા પાડી રાજનીતિ કે રમતપ્રેમ બતાવવાના પ્રયાસો સામે કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

નીફટની વિદ્યાર્થિનીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં કોરોનાએ બે દિવસના વિરામ બાદ પુનઃ દેખા દીધી છે. શહેરમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસથી એક પણ કેસ નોંધાયેલ નથી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સ્થિત 'નિફટ'ની એક વિદ્યાર્થિનીનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગરમાં જીએનએલયુ, આઈઆઈટી બાદ હવે નિફટમાં કેસ નોંધાતા તંત્ર પણ સતર્ક બની ગયુ છે. મળતી વિગતો પ્રમાણે આ વિદ્યાર્થીની કોલેજમાંથી બરોડાની ટ્રીપમાં ગઈ હતી અને ૨૮મી એપ્રિલે પરત ફરી હતી.

આ પછી તેણીનીને તાવ અને અન્ય લક્ષણો જણાતાં આજે કોરોનાનો ટેસ્ટ કરવામાં આવતાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થિનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રએ પણ આ વિદ્યાર્થીનીના સંપર્કમાં આવેલાઓને હોમ આઈસોલેટ કરી દીધા છે તેમજ તેમની યાદી પણ અલગથી તૈયાર કરી દીધી છે.

તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

સહજાનંદ સ્કુલ ઓફ એચિવરનો મિહીર ગુજકેટમાં પણ ઝળકયો

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૨માં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ આજે પરિણામ જાહેર થયુ હતુ. જયારે જિલ્લામાંથી ૫ વિદ્યાર્થીઓનો જ એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. આ તમામ વિદ્યાર્થીઓ શહેરની શાળાઓના હોવાથી શાળા સંચાલકો પ્રિન્સિપાલ તેમજ શિક્ષકોએ પણ હર્ષની લાગણી વ્યકત કરી છે. ગુજકેટની પરીક્ષાનુ પણ આજે પરિણામ જાહેર કરાયુ હતુ જેમાં સહજાનંદ સ્કુલ ઓફ એચિવરનો વિદ્યાર્થી મીહીર સુરેશભાઇ પટેલ ગુજકેટમાં ૧૧૮.૭૫ ગુણ સાથે પ્રથમ રહ્યો હતો. શાળા પરિવારે તેમને શુભેચ્છા પાઠવી હતી.

આગામી જુનના પ્રથમ સપ્તાહમાં ધો -૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરાશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાયુ હતુ. શિક્ષણમંત્રીએ પરિણામ જાહેર કરવાની સાથે સમગ્ર રાજયના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી કોવિડના કાળમાં ગત વર્ષે બોર્ડ પરીક્ષા લેવામાં આવી ન હતી ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ બોર્ડ પરીક્ષાના અંતે પરિણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની હતી જયારે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ અપેક્ષા કરતા વહેલુ જાહેર કરી દેવાતા ધો -૧૦ અને સામાન્ય પ્રવાહના પરિણામ અંગે પણ વિદ્યાર્થીઓમાં ઉત્તેજના પ્રવર્તી છે. આજે આ અંગે શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીએ જણાંવ્યુ હતુ કે જયારે આ દરમિયાન ધો -૧૦ અને ધો ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામ અંગે પુછતા તેમણે જણાંવ્યુ હતુ આગામી જુન મહીનાના પ્રથમ સપ્તાહમાં ધો -૧૦ અને ૧૨ નુ પરિણામ જાહેર કરી દેવાશે

બેસણું

અમારા મોટાભાઈ **અજયકુમાર એસ. મૌર્ય**નું દુઃખદ અવસાન તા. ૧૧/૫/૨૦૨૨ને બુધવારે થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્ગતનું બેસણું તા. ૧૩/૫/૨૦૨૨ને શુક્રવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

: નિવાસસ્થાન :
પ્લોટ નં. ૮૦૬, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર

લિ.
પિનાકીન એસ. મૌર્ય
સ્નેહલ એસ. મૌર્ય
કૌશલ અજય મૌર્ય
નરેશ અજય મૌર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઇપ (જીન્દાલ/ટાટા), ઇંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH 2022

(Rs. in Lakhs)

Sr. No	Particulars	Standalone Results			Consolidated Results		
		Quarter ended 31.03.2022 (Audited)	Year ended 31.03.2022 (Audited)	Quarter ended 31.03.2021 (Audited)	Quarter ended 31.03.2022 (Audited)	Year ended 31.03.2022 (Audited)	Quarter ended 31.03.2021 (Audited)
1	Total Income from Operations(net)	43,952.45	2,12,452.17	47,112.98	5,11,726.78	18,42,755.39	3,85,249.35
2	Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items)	25,977.65	1,27,482.53	28,325.25	85,851.96	2,91,443.73	74,831.38
3	Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax))	25,977.65	1,27,482.53	28,325.25	82,581.88	2,95,658.94	77,039.31
4	Net Profit/(Loss) for the period after tax and Exceptional items before discontinued operations	20,204.50	97,905.00	20,791.20	63,951.07	2,23,101.36	57,750.58
5	Net Profit/(Loss) for the period after tax from Discontinued Operations	-	3,069.77	(165.66)	-	-	-
6	Net Profit/(Loss) for the period after tax from Continuing and Discontinued Operations	20,204.50	1,00,974.77	20,625.55	63,951.07	2,23,101.36	57,750.58
7	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	20,356.06	1,01,075.26	21,755.99	64,288.58	2,23,476.38	59,200.01
8	Equity Share Capital(face value of Rs. 10/- each)	56,421.14	56,421.14	56,421.14	56,421.14	56,421.14	56,421.14
9	Reserves(excluding Revaluation Reserve as shown in Balance Sheet)	-	7,87,869.97	-	-	7,35,453.17	-
10	Earnings per share(EPS) for the Period from Continuing and Discontinued Operations a) Basic EPS(Rs.) b) Diluted EPS(Rs.) (face value of Rs. 10/- each)(not annualised for the quarter)	 3.58 3.58	 17.90 17.90	 3.66 3.66	 7.73 7.73	 29.04 29.04	 7.39 7.39

Notes: 1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com). **2.** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 12th May, 2022. **3.**The Board of Directors of the Company have recommended dividend of Rs. 2.00 (@20 %) per share of Rs. 10/- each on equity shares of the Company for the financial year 2021-22, subject to the approval of shareholders in ensuing Annual General Meeting. **4.** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 12th May, 2022

For and on behalf of Gujarat State Petronet Limited
Pankaj Kumar, IAS
Chairman and Managing Director

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com